આણંદ જીલ્લાની પોલીસ સાફલ્ય ગાથાની અપડેટ માહિતી તા.૧૪/૧૦/૨૦૧૯ થી તા.૨૦/૧૦/૨૦૧૯ સુધીની છે.

તા.૧૪/૧૦/૨૦૧૯ થી તા.૨૦/૧૦/૨૦૧૯	--	**પ્રેસનોટ** **રોકડ રૂા.૨.૦૦.૦૦૦/- ની ચોરીનો ભેદ ઉકેલતી ખંભાત સી.ટી પોલીસ** અમદાવાદ વિભાગના રે-જ આઇ.જી.પી શ્રી એ.કે.જાડેજા સાહેબ તથા આણંદ જીલ્લા જીલ્લા પોલીસ વડા શ્રી મકરંદ ચૌહાણ સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક ખંભાત નાઓએ ખંભાત શહેરમા બનતા ચોરી જેવા મિલ્કત વિરૂધ્ધના ગુના શોધી કાઢવા અને આ પ્રકારના ગુનાઓમાં સંડોવાયલ આરોપીઓને શોધી કાઢી મુદ્દામાલ રિકવર કરવા માટે સુચનાઓ આપેલ હતી જેમાં તાજેતરમાં ખંભાત મુકામે તા-૧૬/૧૦/૨૦૧૯ ના રોજ બપોરના બારેક વાગ્યાની આસપાસ બિપીનભાઇ નટવરલાલ શાહ રહે.ખંભાત નાઓ રોકડ રૂપીયા બે લાખ જે તમામ નોટો રૂપીયા બે હજારની લઇને યુનીયન બેંક ખંભાતમા જમા કરાવવા માટે જતા તે વખતે આ બે લાખ રૂપીયા પેંટના ડાબી બાજુના ખીસ્સામા મુકેલ અને એક રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખી રીક્ષામા બેસી જાવ તમ જણાવી આ રીક્ષાની પાછળની સીટમા અન્ય બે ઇસમો બેઠેલા હતા જે પૈકી એક ઇસમ નીચે ઉતરી વચ્ચેના ભાગે બેસાડી રીક્ષા ખંભાત ચીતારી ઢાળ ઉતરવાનુ જણાવતા રીક્ષા આગળ લઇ જઇ પાછી વાળી ચીતારી ઢાળે ઉતારેલ અને રૂપીયા જમા કરાવવા બેંક મા જતા પેંટના ડાબી બાજુના ખીસ્સામા મુકેલા રૂપીયા જણાયેલ નહી જેથી આ રીક્ષામા બેઠેલા ઇસમોએ પેંટના ખીસ્સામાથી કોઇ પણ રીતે રૂપીયાની ચોરી કરેલાનુ જણાતા ખંભાત સીટી પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.ન ૫૦/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબ નો ગુનો દાખલ થયેલ જે ગુનાનો ભેદ ઉકેલવા સુચના આપેલ તેમજ પો.ઇન્સ.શ્રી ડી.પી. ચૌહાન સાહેબે સુચના કરતા પો.સબ.ઇન્સ જે.ટી.ચાવડા સર્વેલન્સ સ્ટાફ નાઓએ સદર ગુનાની તપાસ સંભાળી પો.સબ.ઇન્સ જે.ટી.ચાવડા નાઓએ બાતમીદારથી બાતમી આધારે જે.ટી.ચાવડા તથા સ્ટાફના હેડ.કો. અખ્તરહુસેન તથા હેડ.કો. અરવિંદભાઇ તથા પો.કો.હરીકુષ્ણસિંહ તથા પો.કો લલીતકુમાર તથા પો.કો પ્રદિપસિંહ તથા પો.કો જીતેન્દ્રભાઇ વિગેરે નાઓએ ખંભાત રેલ્વે ફાટક પાસેથી મહમ્મદઇમરાન ઉર્ફે શાહરુખ ઇબ્રાહીમભાઇ શેખ રહે.બોરસદ રાજા મોહલ્લા તથા **અરબાજખાબન ઉર્ફે બક્કલ રસીદખાન પઠાણ** રહે.કંતાનનગર ઝુપડપટ્ટી એમ.ટી.હાઇસ્કુલની સામે બોરસદ ચોરીના મુદ્દામાલ સાથે તેમજ ચોરીમા વાપરેલ સી.એન.જી રિક્ષા સાથે પકડાઇ જતા બન્નેને પકડી લઇ તેઓની પાસેથી મુદ્દામાલની રીક્ષા તથા રૂપીયા ૨,૦૦,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી ગુનો ડીટેક્ટ કરેલ છે તા.૧૮/૧૦/૨૦૧૯
	--	

સહી/-

(ડી.આર.પટેલ)

ના.પો.અધિ.મુખ્ય મથક અને

ઇ-ગુજકોપ નોડલ અધિકારી

આણંદ.

પ્રતિ,

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,

બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,
ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

<u>નકલ સવિનય રવાના</u> :-

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.